ગુજરાત સમાચાર

Date: 01 November, 2017 Page #02 (Ahmedabad City)

# citySPORTS | IITRAMનો સ્પોર્ટ્સ ફેસ્ટ

ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટની સ્પોર્ટ્સ ક્લબ દ્વારા ૨૮ અને ૨૯ ઓક્ટોબર દરમિયાન શેઠ સી.એન. વિદ્યાલય ખાતે સ્પોર્ટ્સ ફેસ્ટ અરેને ૩.૦નું આયોજન કરાયું હતું. આ સ્પોર્ટ્સ ફેસ્ટમાં ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ચેસ, કેરમ,કબડ્ડી જેવી દસેક જેટલી ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોલેજના વિદ્યાર્થીઓ, એડમીન સ્ટાફ તથા શિક્ષકોએ સાથે ભાગ લીધો હતો. આશરે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ આ સ્પોર્ટ્સ ફેસ્ટમાં પાર્ટિસિપેટ કર્યું હતું તેમજ દર્શક બનેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦૦ જેટલી હતી. આ ગેમ્સમાં જવલંત, હર્ષિતા,અમન તથા સલોનીએ બેડમિન્ટનમાં ઈનામ મેળવ્યું હતું. તો નિસર્ગ ટેબલ ટેનિસમાં વિજેતા બન્યો હતો. ૧૦૦ મીટર રેસને ૧૨.૭૨ સેકન્ડમાં પૂરી કરી કાર્તિક દુબે પ્રથમ આવ્યો હતો. જ્યારે ચિરાગ શ્રીવાસ ચેસનો ચેમ્પિયન બન્યો હતો. જ્યારે ક્રિકેટની બાજી બીબીસી૧૧ ટીમે મારી હતી.





